સુવિચાર : ઘરને સ્વર્ગ બનાવવા માટે હૃદયને નિર્મળ, વાણીને મધુર અને આચરણને પરિશુદ્ધ બનાવો - ફાધર વાલેસ

**તાપમાન**
મહત્તમ : ૨૯.૫ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૪૧ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૩૧ — ૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૬, શુક્રવાર ; મહા સુદ - ૫ — પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## અંતે લાન્સ નાયક હનુમંત થાપા શહીદીને વર્યા

**ચમત્કારી સાહસી જવાનના અવસાન બાદ ભારતભરમાં આઘાતનું મોજુ**

નવી દિલ્હી,તા. ૧૧

સિયાચીન ગ્લેશિયરમાં હિમવર્ષા દરમિયાન વિશાળ બરફશીલા ધસી પડ્યા બાદ દટાઇ પછી ચમત્કારિકરીતે છ દિવસ પછી જીવિત



નિકળેલા લાન્સ નાયક હનુમંત થાપાને આજે ૧૧.૪૫ વાગે અસવાન થઇ ગયું હતું. હનુમંત થાપા હાલમાં જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા હતા. ૩૩ વર્ષીય જવાનને ચમત્કારિક વ્યક્તિ તરીકે નામ અપાયું હતું. તેમના અવસાનના સમાચાર ફેલાતાની સાથે જ આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હનુમંત થાપાને શ્રદ્ધાંજલિ આપવામાં દેશનું નેતૃત્વ કર્યું હતું. મોદીએ કહ્યું હતું કે, લાન્સ નાયક હનુમંત થાપા પર અમને ગર્વ છે. ભારતીય સેનાના વડા દલબીરસિંહ સુહાગે પણ તેમના અવસાન અંગે દુખ વ્યક્ત કર્યું છે અને કહ્યું છે કે, હનુમંત થાપા ભારતીય સેનામાં નવી પેઢીમાં પ્રેરણા આપશે. કોંગ્રેસ ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ પણ ટ્વિટર પર તેમના અવસાન અંગે દુખ વ્યક્ત કર્યું છે. સાહસનો પરિચય હનુમંત થાપાએ આપ્યો હતો. ભાજપ પ્રમુખ અમિત શાહે કહ્યું છે કે, દેશના લાખો લોકોની સાથે તેઓ હનુમંત થાપાને શ્રદ્ધાંજલિ આપવા જોડાઈ રહ્યા છે. દેશ તેમના બલિદાનને ભુલશે નહીં. પશ્ચિમ બંગાળ અને અન્ય રાજ્યોના મુખ્યમંત્રીઓએ પણ શ્રદ્ધાંજલિ આપી હતી. આજે તેમનું દિલ્હીની આર્મી રિસર્ચ એન્ડ રેફરલ હોસ્પિટલમાં અવસાન થયું હતું જ્યાં તેઓ બે દિવસથી ગંભીર હતા. સિયાચીન ગ્લેશિયરમાં ફરજ વેળા બરફની શીલા પડતા તેઓ દટાઈ ગયા હતા. જો કે બચાવ કામગીરી વેળા છ દિવસ બાદ તેઓ જીવતા મળી આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ૯મી તારીખે થાપા મળી આવ્યા હતા. પાકિસ્તાન સાથે જોડાયેલી અંકુશ રેખાની નજીક આશરે ૧૯૦૦૦ ફુટની ઉંચાઇ પર ચોકી પર વિશાળ હિમ શીલા પડતા મોટી સંખ્યામાં જવાનો ફસાઈ ગયા હતા. આ વિસ્તારમાં પારો માઇનસ ૪૫ ડિગ્રી રહે છે.

## શેરબજારમાં સુનામી

**સેંસેક્સમાં વધુ ૮૦૭ પોઈન્ટનો રેકોર્ડ કડાકો : એક જ દિવસમાં કારોબારીઓએ ત્રણ લાખ કરોડ રૂપિયા ગુમાવ્યા : તમામ સેક્ટરલ ઈન્ડેક્સ મંદીમાં ગરકાવ થયા**

મુંબઇ,તા. ૧૧

શેરબજારમાં આજે વેચવાલીની સુનામી જોવા મળી હતી. સતત ચોથા દિવસે શેરબજાર પત્તાના મહેલની જેમ ધરાશાયી થઇ ગયું હતું. નિરાશાજનક વૈશ્વિક સંકેત અને કંપનીઓના ખરાબ પરિણામોના કારણે બજારને મોટો ફટકો પડ્યો છે. આજે દિવસ દરમિયાન ઉતારચઢાવની સ્થિતિ રહ્યા બાદ કારોબારના અંતે સેંસેક્સ ૮૦૭ પોઈન્ટ ઘટીને અથવા તો ૩.૪૦ ટકા ઘટીને ૨૨૯૫૨ની સપાટીએ રહ્યો હતો. સેંસેક્સે ૨૪૦૦૦ની સપાટી ગુમાવી દીધી હતી. બીજી બાજુ નિફ્ટીમાં ૨૩૯ પોઈન્ટ અથવા તો ૩.૨૩ ટકાનો ઘટાડો રહેતા તેની સપાટી ૬૯૭૬ રહી હતી. બજાર મોદી ગાળા પહેલાની નીચી સપાટીએ પહોંચ્યો છે.

સેંસેક્સ અને નિફ્ટી બંને બાવન સપ્તાહની નીચી સપાટીએ બંધ રહે દલાલ સ્ટ્રીટમાં વધારે દહેશત જોવા મળી રહી છે. વૈશ્વિક મંદી અને નાણાંકીય સેક્ટર પર તેની માઠી અસરની અસર જોવા મળી હતી. ત્રિમાસિક ગાળાના પરિણામો પણ અપેક્ષા મુજબના રહ્યા નથી જેથી રોકાણકારો ચિંતાતુર રહ્યા છે. આજે તમામ સેંસેક્સ શેરમાં કડાકો બોલાઈ ગયો હતો. સિપ્લા અને ડો. રેડ્ડી સિવાય તમામ સેંસેક્સ શેર મંદીમાં રહ્યા હતા.



સરસ્વતી વંદના - વસંત પંચમી એટલે મા-સરસ્વતીના પૂજનનો દિવસ... ભગવાન શ્રીકૃષ્ણએ મહા સુદ-૫ના દિવસે મા-સરસ્વતીનું પૂજન કર્યું હતું... આજે પાવન પ્રસંગે મા-સરસ્વતીના ચરણોમાં પ્રાર્થના કરીએ... આપણી વાણી શુભ અને મંગલમય બની રહો....

# ઈશરત તોઈબાની આત્મઘાતી બોંબર હતી

**ગુજરાત પોલીસ એન્કાઉન્ટરમાં ઠાર ઇશરત અંગે ખુલાસો : મુંબઇ કોર્ટમાં વિડિયો કોન્ફરન્સિંગ મારફતે ઉપસ્થિત આતંકવાદી હેડલીના ઘણા ચોંકાવનારા ખુલાસા : તોઇબાના ટોપ કમાન્ડર લખવીએ જાણ કરી હતી**



મુંબઇ,તા. ૧૧

ખતરનાક ત્રાસવાદી ડેવિડ હેડલીએ આજે જોરદાર ધડાકો કરતા દાવો કર્યો હતો કે વર્ષ ૨૦૦૪માં અમદાવાદના પરાવિસ્તારમાં અન્ય ત્રણ સાથીઓ સાથે ગુજરાત પોલીસના હાથે ઠાર કરવામાં આવેલી ઈશરત જહા લશ્કરે તોયબાની આત્મઘાતી બોમ્બર હતી. હેડલીના આ દાવાને ખુબ ઉપયોગી ગણવામાં આવે છે. કારણ કે ગુજરાત પોલીસની આ મામલ થિયેરી પર પ્રશ્ન ઉઠતા રહ્યા છે. હેડલી આજે વિડિયો કોન્ફરેન્સિંગ મારફતે મુંબઇ કોર્ટમાં જુબાની આપવા માટે હાજર થયો હતો. કેટલીક ચોંકાવારી વાત આજે પણ કરી હતી. હેડલીએ કહ્યું હતું કે, ઈશરત મુજમ્મિલ નામના લશ્કરે તોઈબાના ત્રાસવાદી સાથે કામ કરતી હતી. પાકિસ્તાની-અમેરિકી ત્રાસવાદી હેડલીએ કહ્યું હતું કે, ગુજરાતમાં વર્ષ ૨૦૦૪માં એન્કાઉન્ટરમાં ઠાર થયેલી ઈશરત આત્મઘાતી બોંબર તરીકે હતી. મુમ્બ્રાની ૧૯ વર્ષીય યુવતી અંગે ચોંકાવનારો ખુલાસો કર્યો છે. હેડલીએ કોર્ટમાં એમ પણ કહ્યું હતું કે, લખવીએ તેને તોઈબાના અન્ય એક ત્રાસવાદી મુજમ્મિલ ભટ્ટના ભારતમાં એવા નિષ્ફળ ઓપરેશન અંગે પણ માહિતી આપી હતી જેમાં ત્રાસવાદી સંગઠનની એક મહિલા સભ્યનું મોત થયું હતું. આ અભિયાન અને તેમા સામેલ સભ્યોના સંદર્ભમાં વિસ્તારપૂર્વક માહિતી આપવા માટે ઉજ્જવલ નિકમે ભારપૂર્વક પ્રશ્નો કરતા હેડલીએ કહ્યું હતું કે, મને કહેવામાં આવ્યું હતું કે, પોલીસ સાથે અથડામણ થઇ હતી જેમાં એક

● અનુસંધાન પાન-૭ પર

## ઈશરત કેસમાં સરકારના વલણને અંતે સમર્થન મળ્યું

**એન્કાઉન્ટર કેસમાં વણઝારા લાંબો જેલવાસ ભોગી ચુક્યા છે : અક્ષરધામ મંદિર પર ત્રાસવાદી હુમલાનું કાવતરૂ મુજમ્મિલ નામના ત્રાસવાદી શખ્સે ઘડી કાઢ્યું હતું હેડલીની જુબાનીથી સરકારના મતને આખરે સમર્થન : રજની પટેલ**

અમદાવાદ, તા.૧૧

પાકિસ્તાની અમેરિકી ત્રાસવાદી ડેવિડ હેડલીએ મુંબઈ



કોર્ટમાં વિડિયો કોન્ફરન્સિંગ મારફતે ઉપસ્થિત થયા બાદ ચોંકાવનારા ધડાકામાં ઈશરતને તોઈબાની આત્મઘાતી બોંબર ગણાવ્યા બાદ ગુજરાત સરકારે પણ સાવધાનીપૂર્વકની પ્રતિક્રિયા મોડેથી આપી હતી. આ અંગે પ્રતિક્રિયા આપતા રાજયના ગૃહપ્રધાન રજની પટેલે આજે જણાવ્યું હતું કે, સરકાર જે બાબત અંગે અગાઉ કહેતી હતી કે ઈશરત એક આંતકવાદી હતી, તે બાબતને હેડલીને આપેલી જુબાનીએ સમર્થન મળ્યું છે.

અગાઉના પોલીસ અધિકારી ડી જી વણઝારા ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં લાંબો સમય જેલવાસ ભોગવી ચુકેલા છે. ઉલ્લેખનીય છે કે, ડી જી વણઝારા છ એન્કાઉન્ટર કેસમાં આરોપી છે. જે પૈકી ૧૫ જુન ૨૦૦૪માં ઈશરત જહાં અને તેની સાથેના લોકોના એન્કાઉન્ટર કેસનો પમ સમાવેશ થાય છે. અમદાવાદના કોતરપુર વોટર વર્ક્સ પાસે ગુજરાત પોલીસ દ્વારા એકાઉન્ટર કેસનો પણ સમાવેશ થાય છે. અમદાવાદના કોતરપુર વોટર વર્ક્સ પાસે ગુજરાત પોલીસ દ્વારા એન્કાઉન્ટર કરવામાં આવ્યું હતું અને દાવો કરાયો હતો કે તેઓ આતંકવાદી હતા. કેન્દ્રની ગુપ્તચર સંસ્થા અને માનવાધિકાર સંસ્થાઓ દ્વારા એન્કાઉન્ટર નકલી હોવાનો પણ દાવો કરાયો હતો કે એન્કાઉન્ટર પૂર્વે ઈશરત ગુજરાત પોલીસના સકંજામાં હતી અને અમદાવાદ બહાર એક ખાનગી ફાર્મ હાઉસમાં તેને ગોંધી રખાઈ હતી અને પછી તેનું એન્કાઉન્ટર કરાયું હતું જે કેસમાં પોલીસ અધિકારીઓ સામે કેસ પણ થયો હતો. ડેવીડ હેડલીએ કહ્યું કે, અબુ દુત્જા દ્વારા મારી મુલાકાત મુજામિલ સાથે થઈ હતી,જે પછી અમે કાશ્મીરની મુલાકાત લીધી મુજામિલ અમારા ગ્રુપનો લીડર હતો અને લખવીએ મને મુજામિલવના ભારત ઓપરેશન અંગે જાણકારી આપી હતી.



**ધુમ્મસથી ઘેરાયું શહેર** - છેલ્લા બે-ત્રણ દિવસથી વહેલી સવારથી ગાઢ ધુમ્મસ અનુભવાય છે... શાળા-કૉલેજ જતા બાળકો હોય કે મોર્નિંગ વૉકમાં નિકળતા વૉકર્સ હોય... સૌને ગાઢ ધુમ્મસમાંથી પસાર થવું પડે છે... સૂર્યોદય બાદ ધીમે-ધીમે બે-ત્રણ કલાકે ધુમ્મસ આછુ અને ઓછુ થાય છે... ધુમ્મસમાં ચાલવાની મજા પણ અનેરી હોય છે... દૃષ્ટિ સામે ધુંધળું વાતાવરણ, પરંતુ જેમ જેમ ગતિ કરીએ તેમ તેમ માર્ગ સ્પષ્ટ બને છે... આ જ જીવનનો સંદેશ છે... આવો શહેરના શિયાળાની સવારની અનુભૂતિનો આ અવસર છે.... **(તસવીર : કશ્યપ નિમાવત)**

## હેડલી કોઈ નવી વાત કરી રહ્યો નથી : વણઝારા

**પોલીસને જાણી જોઈને ટાર્ગેટ બનાવાઈ : વણઝારાનો દાવો**

અમદાવાદ, તા.૧૧

વર્ષ ૨૦૦૪માં અમદાવાદના પરા વિસ્તારમાં એન્કાઉન્ટરમાં ઠાર થયેલી ઈશરત અને અન્ય ત્રણ સાગરિતોના મામલે કેસમાં નવો વળાંક આવવાના સંકેત દેખાઈ રહ્યા છે. ગુજરાત પોલીસની થિયરીને મુંબઈ કોર્ટ સમક્ષ મિડિયા કોન્ફરન્સિંગ મારફતે ઉપસ્થિત રહેલા ત્રાસવાદી ડેવિડ હેડલીએ સમર્થન આપ્યા બાદ આ સંદર્ભમાં એન્કાઉન્ટરનું નેતૃત્વ કરનાર પૂર્વ પોલીસ અધિકારી ડીજી વણઝારાએ પોતાની પ્રતિક્રિયા આપી હતી



અને કહ્યું હતું કે, રાજકીય ષડયંત્રના લીધે ગુજરાત પોલીસને ટાર્ગેટ બનાવવામાં આવી હતી. ડેવીડ હેડલીએ આજે ખુલાસો કર્યો હતો કે તે સ્યુસાઈડ બોમ્બર હતી, ત્યારે આ એન્કાઉન્ટરના નકલી હોવાના કેસમાં લાંબો સમય જેલવાસ ભોગવી ચુકેલા ડી.જી.વણઝારા ( પૂર્વ પોલીસ અધિકારી) દ્વારા મુંબઈમાં પત્રકાર, પરિષદ યોજવામાં આવી હતી. જેમાં તેમણે કહ્યું કે, ઈશરત જહાં કેસ અંગે હેડલી કાંઈ નવું નથી બોલ્યો, ગુજરાત પોલીસ પણ અગાઉ આ જ કહેતી હતી. જો કે રાજકિય ષડયંત્રને કારણે ગુજરાત પોલીસ ટાર્ગેટ થઈ અને ગુજરાત પોલીસના કેટલાક અધિકારીઓ ૭ વર્ષ સુધી જેલમાં રહ્યા છે. ડી.જી.વણઝારાએ કહ્યું કે, ઈશરત સાથેના અન્ય ત્રણ સાથીનો પૈકીના ૨ પાકિસ્તાની હતા. પત્રકાર પરિષદ દરમ્યાન તેમણે ફરીથી ન્યાયતંત્ર પર વિશ્વાસ હોવાનું ઉલ્લેખ્યું હતું. તેમણે કહ્યું કે હેડલી કાઈ નવું નથી કહી રહ્યો તે બાબત અગાઉ ગુજરાત પોલીસ કહેતી હતી. હેડલીના નિવેદનથી સંતુષ્ટ છે અને ગુજરાત

● અનુસંધાન પાન-૭ પર

## યુવા સ્વાવલંબન યોજનાના ધોરણ વધુ ઉદાર બનાવાયા

અમદાવાદ, તા.૧૧

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે રાજયના તેજસ્વી વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે પ્રોત્સાહન આપતી મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાના ધોરણો વધુ ઉદાર બનાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. આનંદીબેન આ યોજનામાં હવે ડીપ્લોમાંથી ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓને પણ આવરી લઈ યોજનાની સહાયના લાભ વધુ યુવા વિદ્યાર્થીઓને આપવાનો યુવા હિત અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રીના આ નિર્ણય અનુસાર ડીપ્લોમાંથી ડીગ્રી એન્જીનિયરીંગના ત્રણ વર્ષના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારા જે વિદ્યાર્થીઓને ડિપ્લોમાં પરીક્ષામાં ૬૫ ટકાથી વધુ ગુણ પ્રાપ્ત

● અનુસંધાન પાન-૭ પર





